
ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**એમ એમ શાહ**
પ્રમુખ, સમસ્ત ખડાયતા સમાજ,
શ્રીનાથ હોમ્સ કો-ઓપ. હાઉસિંગ સોસાયટી મેનેજિંગ ટ્રસ્ટી,
સિનિયર સિટિઝન કાઉન્સિલ સેક્રેટરી, જી સી હાઈસ્કૂલ ટ્રસ્ટ



**ડાહ્યાભાઈ પ્રજાપતિ**
પ્રમુખ, ગાંધીનગર શહેર, પેન્શનર્સ સમાજ
મો. ૭૪૦૫૭ ૫૯૨૪૦



**અંજલી ભટ્ટ**
પૂર્વ પ્રમુખ
લાયોનેસ કલબ



**રામદાન ગઢવી**
મો. ૯૮૨૫૮ ૫૦૯૯૨

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# જે બી પ્રાથમિક શાળાનો વાર્ષિકોત્સવ ઉજવાયો







ગાંધીનગર, તા. ૨૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) સંચાલિત ગાંધીનગર શાખાની જે.બી. પ્રાથમિક શાળા દ્વારા વ્હાલનો દરિયો : ભાઈ-બહેનની થીમ અંતર્ગત તેજસ્વી તારસા પુરસ્કાર અર્પણ સમારોહ યોજાવામાં આવ્યો હતો.

વાર્ષિક મહોત્સવમાં પૂજ્ય દાસકાકા, પૂજ્ય દિવાળીબા સ્મૃતિ પારિતોષિક તથા પૂજ્ય માણેલલાલ એમ. પટેલ સાહેબ મેમોરીયલ સ્કોલરશીપનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના ૪૪ તેજસ્વી વિદ્યાર્થીઓને મેરીટ સ્કોલરશીપ અને જરૂરિયાત મંદ ૩૮ વિદ્યાર્થીઓને મીન્સ સ્કોલરશીપ મળી કુલ ૨, ૨૩, ૩૦૦/- રૂપિયાની સ્કોલરશીપ આપવામાં આવી હતી. સાથે સાથે રાષ્ટ્રકક્ષાની અને રાજય કક્ષાની વિવિધ ૨૪ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ સફળતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પણ પુરસ્કાર અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

વ્હાલનો દરિયો : ભાઈ-બહેન કાર્યક્રમ અંતર્ગત ૧૧૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા ભાઈ-બહેનનાં સ્નેહની ભાવના વ્યક્ત કરી પ્રેમની અનુભૂતિનો સંદેશ પરમાત્મા સુધી પહોંચાડવા માટે આંતર મનની કસોટીમાં શાંતિ અને શુદ્ધ પવિત્ર સ્નેહરુપી ઉર્જાવર્ધક મનોકામના સહ હૃદયને આંદિલત કરી જયાં ભાઈ-બહેનનાં સ્નેહની મહાશક્તિ અજોડ છે તેવો ભાવ વ્યક્ત કરતો સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

વાર્ષિક મહોત્સવમાં આ કાર્યક્રમમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળનાં ચેરમેન વલ્લભભાઈ પટેલ, સંસ્થાનાં પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, દાતા બાબુભાઈ પટેલ, શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી અને ગાંધીનગરનાં જાણીતા ડૉકટર શૈલેષભાઈ પટેલ તથા ગાંધીનગર શહેર વિસ્તારમાં શાસનાધિકારી શ્રીમતી છાયાબેન રાવલ અને સંસ્થાના હોદ્દેદારો, વાલી મિત્રો વગેરેએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને આશીર્વાદ સહ અભિનંદન પાઠવી પ્રોત્સાહન આપ્યું હતું. શાળાના આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે સ્વાગત પ્રવચન સહ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

# રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સમાં શૈક્ષણિક પ્રવાસ યોજાયો





ગાંધીનગર, તા. ૨૪

સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સમાં તા. ૧૬, ૨૨, ૨૩, અને ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૮ના દિવસો અનુક્રમે ધોરણ - ૧ થી ૨, ૮ થી ૧૦, ૩ થી ૭ તથા પૂર્વ પ્રાથમિકના વિદ્યાર્થીઓ માટે તિરુપતિ નેચર પાર્ક, વિસનગર, ડીલી રિસોર્ટ, બોરસદ, તિરુપતિ ઋષિવન, હિંમતનગર અને ફન એન્ડ ફીસ્ટ - કુડાસણ મુકામે એક દિવસીય પ્રવાસ યોજાયો હતો.

શિક્ષણની સાથે ઈત્તરપ્રવૃત્તિઓ થકી બાળકોમાં બાહ્યજ્ઞાન, જૂથકાર્ય, એકતા, મનની પ્રસન્નતા, આંતરિક વ્યવહાર, ત્વરીત નિર્ણય શકિત, કોઠાસૂઝ વગેરે બાબતો આત્મસાત્ કરાવવાના હેતુસર યોજાયેલ હતો. એક દિવસીય પ્રવાસ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયો હતો.

## એસ.જી પ્રાથમિક શાળાના ધો-૮ના વિદ્યાર્થીઓએ ઈસરોની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરની એસ.જી પ્રાથમિક શાળાના ધો- ૮ ના એ.બી.સી.ડી.ઈ. એમ બધાજ વર્ગના બાળકોએ અમદાવાદમા સેટેલાઈટ આવેલ ઈસરોની મુલાકાત લીધી. વિધ્યાર્થીઓએ ઉપગ્રહો વિષે માહિતી મેળવી હતી.તેમજ ક્યાં ક્યાં સેંટરોમાંથી ઉપગ્રહ છોડવામાં આવે છે તેમજ ઉપગ્રહના ઈંધણ વિષે પણ માહિતી મેળવી હતી. બાળકોની સાથે શાળાના શિક્ષકો સાથે હતા.




વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહમાં બોર્ડની જાહેર પરીક્ષા આપવા જઈ રહેલા વિદ્યાર્થીઓને શુભેચ્છા આપવાનો સમારંભ યોજાયો હતો. જેમાં પંચદેવ મહાદેવના પુજારી નીલકંઠ મહારાજે વિદ્યાર્થીઓને સ્વસ્તિવચનો સાથે શુભેચ્છાઓ આપી હતી તથા શાળાના ટ્રસ્ટી અને સર્વે સ્ટાફ મિત્રોએ વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી.

## અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજની ગર્લ્સની ટીમ કે.એસ.વી. યુનિ. સ્પર્ધામાં રનર્સ અપ બની

ગાંધીનગર, તા. ૨૪

કડી સર્વ વિશ્વ વિદ્યાલયની કબડ્ડીની સ્પર્ધા કડી ખાતે યોજાઈ હતી. તેમાં કુલ-૬ ટીમોએ ભાગ લીધો હતો. તેમાં અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કૉલેજની ગર્લ્સની ટીમ રનર્સ અપ બનીહતી. તેમાં વિજેતા બનેલા ખેલાડીઓ (૧) રાણે રાજેશ્રી (૨) રાણે પ્રિયંકા (૩) જોગરાજીયા ગુલાબ (૪) મેણીયા અસ્મીતા (૫)



પટેલ હેતા, રબારી જલ્પા (૬) પટેલ મેઘના (૭) પટેલ વૃંદા (૮) પટેલ હેતા (૯) ભદોરિયા રીતા (૧૦) દૂબે એકતા (૧૧) ચૌધરી આરજુ (૧૨) પટેલ ભકિત. હતા.

કૉલેજના ફીઝઈકલ એજ્યુકેશનના પ્રૉ. ડૉ. રણછોડ રથવી અને કૉલેજનાં પ્રિન્સિપાલ શ્રીમતી ડૉ. વિજ્ઞા ઓઝાએ કૉલેજ સ્ટાફ તથા પરિવાર તરફથી અભિનંદન આપ્યા હતા.

## શ્રી જે. એમ. ચૌધરી પ્રાથમિક શાળાનું ગૌરવ



ગાંધીનગર, તા. ૨૪

શ્રી જે. એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય, સેકટર-૭ની શાળાની વિદ્યાર્થીનીઓ નેશનલ કક્ષાએ ફેન્સીંગની રમતમાં શ્રેષ્ઠ દેખાવ કરી શાળા, જિલ્લા તથા ગુજરાત રાજયનું ગૌરવ વધાર્યુ હતું. જેમાં ચૌધરી મૈત્રી બે વખત ગ્વાલિયર ખાતે અને તેલંગાણા ખાતે, રાઠોડ પ્રિયંકા બે વખત ગ્વાલિયર અને તેલંગાણા ખાતે, બારડ વંદિતા નાસિક ખાતે, ચૌધરી કમળા તેલંગાણા ખાતે તથા ચૌધરી વિનીએ નાસિક ખાતે શ્રેષ્ઠ રમતનો દેખાવ કર્યો હતો.

તમામ ખેલાડી બહેનોને આચાર્યા મીનાબેન ચૌધરી, અંજનાબેન ચૌધરી, ભાવનાબેન ચૌધરી તથા હંસાબેન ચૌધરી તથા સમગ્ર શાળા સ્ટાફ તરફથી ખૂબ-ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન - ૧**
સોનુ કે ટીટુ કી સ્વીટી
રાત્રે ૧૦.૦૦

**સ્ક્રીન - ૨**
સોનુ કે ટીટુ કી સ્વીટી
૧૨.૪૫, ૩.૪૫
ગુજ્જુ ભાઈ મોસ્ટ વોન્ટેડ (ગુજરાતી)
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન - ૩**
વેલકમ ટૂ ન્યુયોર્ક (૩ડી)
૧૨.૩૦, ૨.૪૫, ૭.૪૫
બ્લૅક પૅન્થર (૩ડી હિન્દી)
૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન - ૪**
પેડમેન
૧.૦૦
અઈયારી
૪.૦૦
ચાલ મન જીતવા જઈએ (ગુજરાતી)
૭.૦૦
લવની ભવાઈ (ગુજરાતી)
૯.૩૦

**સ્ક્રીન-૫**
ગુજ્જુ ભાઈ મોસ્ટ વોન્ટેડ (ગુજરાતી)
૧૨.૩૦, ૩.૩૦
સોનુ કે ટીટુ કી સ્વીટી
૬.૪૫
વેલકમ ટૂ ન્યુયોર્ક
૧૦.૦૦

# માણસ છો તો પછી માણસ બનો

**જીવનદર્શન**
**પી એમ પરમાર**

એકલતા આજનો સાર્વજનિક, સામૂહિક ચેપી રોગ બની ગયો છે. માણસને માણસ ગમતો નથી. મિત્રો અલ્પસંકલ્પ બનતા જાય છે. સંયુકત પરિવારો હવે વિભક્ત થવાની ઉતાવળમાં છે. અમે બે, અમારા બે ને બદલે એક સંતાન - નો રિવાજ વ્યાપક બની રહ્યો છે. સંતાનોને માબાપ પાસે બેસવાનો સમય નથી. પતિ નોકરીમાં વ્યસ્ત છે. પત્ની કિટી પાર્ટીમાં મસ્ત છે, બાળકો દફતરથી ત્રસ્ત છે. દરેક ચહેરો અજંપામાં છે. હસવું-રમવું એ એનો ભૂતકાળ છે, સહન કરવું - રડવું એ વર્તમાનકાળ છે અને કણસવું એ ભવિષ્યકાળ છે. હવે મોત આવે તો સારું - એ વૃદ્ધોનો તકિયા કલામ છે.

ધર્મને હું જાણું છું પણ આચરણ કરી શકતો નથી, અધર્મને જાણું છું પણ તેને છોડી શકતો નથી એવી રાગ અને ત્યાગની દશામાં એ સાચી દિશા ભૂલી ગયો છું. સ્કૂટરની કીકમાં અને બાઈકની સ્પીડમાં કસરત ભૂલાઈ ગઈ છે, મોબાઈલમાં એ મૂરઝાવા માંડ્યો છે ને ટી.વી.માં એ ખોવાઈ ગયો છે. એ કમાવાની લ્હાયમાં રોકડા રૂપિયા જેવો હવે પરચૂરણ થઈ વેરાઈ ગયો છે. ન ખાવા જેવું ખાવામાં એ ખવાઈ ગયો છે, ન જોવાનું જોવામાં એ નજરાઈ ગયો છે સગાંવ્હાલાંથી એ અભડાઈ ગયો છે, ખુદથી એ અકળાઈ ગયો છે.

અહીં માણસની વસતિ છે છતાં શી વાત છે ઘાયલ, નથી દેખાતો માણસ કે નમૂનો માણસાઈનો. ભલે પધાર્યાનું સ્થાન કૂતરાથી સાવધાને લઈ લીધું છે. ઘી ખાય તો એનું કોલેસ્ટ્રોલ વધી જાય છે. મગજ ખાય તો મગજ બહેર મારી જાય છે, ડાયાબિટીઝને લીધે મીઠાઈની દુકાન ભાળતાં જ રસ્તો બદલી કાઢે છે, પતિ-પત્ની બે છે પણ રીમોટ કંટ્રોલ એક છે એ કારણે એકેયનું બી.પી. કંટ્રોલમાં નથી રહેતું. ડૉકટરોને લહેર પડી જાય છે. લોહીના ટેસ્ટ કરાવતાં કરાવતાં જિંદગીનો ટેસ્ટ ખતમ થઈ જાય છે.

લાગણીનો દુકાળ જીવલેણ બનવા માંડ્યો છે. તિજોરી તો ભરેલી છે પણ હૃદય ખાલીખમ છે, મકાન આરસપહાણનો મુકામ તો બન્યું છે પણ ઘર નથી બની શકયું. બેઠકરુમ એટલો ભરચક છે કે બેસવાની જગા નથી. ખાલીપો ખર્ચો કરાવતો જ રહે છે. સરસ ઘર બનાવતાં આવડે છે પણ ઘરમાં સરસ રીતે રહેવા વર્ગો ભરવા પડે છે. શું કરીએ તો સુખી થવાય ? એ વિષયનાં પુસ્તકો બેસ્ટ સેલર બનવાં લાગ્યા છે. બધું જ ઑન લાઈન કરવામાં લાઈફ લાઈન જ અદશ્ય છે ! વાઈફ છે પણ વહાલ નથી, અન્ન છે પણ મન નથી, ડનલોપીલો છે, ઊંઘ નાશી. એ.સી.માંય પરસેવો વળે છે, જાયે તો જાયે કહાં ? સન્માન માટે સ્વમાન ગીરવે મૂકનારની હાલત કયારેય સારી નથી હોતી છતાં આપણું માને છે કોણ ? બધાં સગાંવહાલાં નથી હોતાં અને બધાં વહાલાં સગાં નથી હોતા. વાડ જ ચીભડાં ગળી જાય તો જવું કયાં ? લોહીનાં સગાં જ લોહીનાં તરસ્યા હોય ત્યાં કોને ફરિયાદ કરવા જશો?



માણસ જેવો દેખાય છે તેવો હોતો નથી અને જેવો હોય છે તેવો તે દેખાતો નથી. ગરીબ નહીં દેખાવામાં જ એ ગરીબ રહી જાય છે. મેળામાં એનો કોઈ મેળ પડતો નથી. ભીડમાંય એ એકલો જુદો તરી આવે છે. મોટો દેખાવામાં નાનો થઈ જવામાંય એ સહેજ પણ શરમાતો નથી. સમાજમાં વટ પાડવા નકલ કરવામાં અક્કલ વાપરતો નથી. મોટી મોટી વાતો કરવામાં ખોટી વાતોની ભેળસેળ કરવામાં નંબર એક બની જાય છે. લાફો મારી ગાલ રાતા રાખવાની હરિફાઈ જામે છે. એ સદા યાદ રાખે છે : બાંધી મુઠ્ઠી લાખની.

પોતે દુઃખી છે પણ બીજા બધાં કરતાં એ વધારે સુખી છે એવી વાતો કરવામાં એ મહારત મેળવી લે છે. રસ્તામાં અકસ્માતથી ઘવાયેલાને જોઈ એ મ્હોં ફેરવી લે છે; અશક્ત, વૃદ્ધ, નિર્ધન, ભિક્ષુક - ને ઓળખવાની ના પાડી દે છે, દાન માટે દાનત નથી છતાં આખો દિવસ બોલ્યે જ જાય છે : બી પોઝિટીવ, બી પોઝિટીવ, બોલવાનું જય શ્રીકૃષ્ણ... જયશ્રીકૃષ્ણ... પણ આચરણમાં શકુનિ, દુઃશાસન ને દુર્યોધનથી ચડી જાય. ભગવાન પણ લાચાર. શયદાને ય લખવું પડ્યું : મને આ જોઈને હસવું હજારોવાર આવે છે પ્રભુ ! તારા બનાવેલા તને આજે બનાવે છે.

ધ્યાનમાં એનું ધ્યાન લાગતું નથી અને ભલમનસાઈ સાથે એને ફાવતું નથી. ઘરનું ખાવાનું એને ભાવતું નથી, એને ઘરે કોઈ આવતું નથી, કોઈ ગીત ગાવાનું ગમતું નથી, હસવાનું એ ભૂલી ગયો છે; જીવવાનું ચૂકી ગયો છે, પરવશતામાં બધે ઝૂકી ગયો છે, છોકરાં માટે દેવું મૂકી ગયો છે, એ આજના માણસને માણસ કહેવાય ? ભણેલા માણસ પણ અભણ હોઈ શકે છે ! ગુજરાતી સામે ગુજરાતીને પણ ગુજરાતીનું ગુજરાતી કરવું પડે છે ! કા... કા... બોલતાં તો કાગડાનેય શીખવવું નથી પડતું !

એકલતા એટલે મારું કોઈ નથી અને એકાંત એટલે એક - નો પણ અંત. એકલતા તો એક લતાને પણ નથી હોતી... લતા ઉપર પુષ્પો અઢળક હોય છે. એકલા હો તો આળસુ ન બનો, આળસુ હો તો એકલા ન રહો. ઘરમાં એકલા હોઈએ ત્યારે શું કરવું? એ માટે કોઈ હૉબી ગીત, સંગીત, વાચન, લેખન, નૃત્ય, રમત હોવી જ જોઈએ. હસો અને હસાવો. જીવો અને જીવવા દો. પુરુષાર્થમાં પ્રીત રાખો અને પ્રારબ્ધમાં શ્રદ્ધા રાખો. જીરવી ન શકાય તેને જાળવી લેજો અને જાળવી ન શકાય તેને જીરવી લેજો. બીજાના ભલામાં જ સૌનું ભલું છે. કરો તેવું પામો અને લણવું હોય તો વાવો. દુઃખ વહેંચવાથી ઘટે છે, સુખ આપવાથી વધે છે. તમે ખુદ તમારા ઘડવૈયા છો. ઊઠી... આગળ વધો. હિંમતે મર્દા તો મદદે ખુદા. ખુદનો ભરોસો નહિ જેને, ખુદાનો ભરોસો નકામ. ભગવાનની પણ પરીક્ષા કરો આ રીતે :

ખુદી કો કર બુલંદ ઈતના કિ હર તકદીર સે પહલે;
ખુદા બંદે સે ખુદ પૂછે, બતા તેરી રઝા કયા હૈં?